સપ્ટેમ્બર-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

નમસ્તે મિત્રો,

આપ સૌને ઉત્સવોની શુભકામનાઓ.

આપ સૌએ ઑગસ્ટ 2021નું ‘પરબ’ વાંચ્યું હશે. એમાં ‘ગુજરાતી સાહિત્ય પરિષદના પારિતોષિકો’ શીર્ષક હેઠળ વિવિધ પારિતોષિકોની યાદી આપવામાં આવી છે. આપ સૌ મિત્રોમાંના ઘણા ઉત્તમ ભાવકોની સાતે સર્જકો પણ છો.

યાદીમાંથી આપનું સર્જન જેમાં યોગ્ય ઠરતું હોય તે પારિતોષિક માટે સૂચના પ્રમાણે કરવા વિનંતી છે. આ વિગતની જાણ આપના મિત્રોને પણ પરિષદ વતી કરશો. પરિષદ દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યના ત્રણ મૂલ્યવાન કોશગ્રંથની શોધિત-વર્ધિત આવૃત્તિઓ અમે પૂર્વનિયામક પ્રો. પારૂલ દેસાઈ અને પ્રો. રમણ સોની જેવા તજજ્ઞોના સાથ-સહકારથી પ્રકાશિત કરવાનું યજ્ઞકાર્ય શરૂ કર્યું છે. આપને જણાવતા ખુશી થાય છે કે સાહિત્યકોશ-1 હવે પ્રેસમાં જવા તૈયાર થઈ ગયો છે. 31 ઑગસ્ટે પહેલા ભાગનું મુદ્રમ શરૃ થઈ જશે. કોશનો ત્રીજો ભાગ પણ તૈયાર છે. સપ્ટેમ્બર મહિનામાં આ ત્રીજો ભાગ મુદ્રણમાં જશે. કોશના બીજા ભાગનું સંવર્ધન ચાલુ છે. થોડા સમયમાં એ પણ મુદ્રણમાં જશે.

કોશપ્રકાશન માટે દાતાઓને વિનંતી કરી. એમનો સહકાર મળતો રહ્યો છે. એ સૌનું સાદર સ્મરણ કરીએ છીએ. આપ સૌને કોશ પ્રકાશનમાં ભામાશા બનવા સાદર વિનંતી કરીએ છીએ.

પરિષદમાં ચાલતી ‘ડૉ. ભોગીલાલ સાંડેસરા સ્વાધ્યાયપીઠ’ અંતર્ગત પ્રો. સલોની જોશીની માનાર્હ અધ્યાપ તરીકે વરણી થઈ છે. તેઓ ‘મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ધન્ના શાલિભદ્રવિષયક રચનાઓ’ વિશે સંશોધિત અભ્યાસ કરી રહ્યા છે.

સાહિત્ય પરિષદની વિવિધ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત પ્રસારમંત્રીએ વિવિધ સંસ્થાઓને સાથે રાખીને વ્યાખ્યાનોનું આયોજન કર્યું છે. ઑગસ્ટ મહિનામાં તારીખ 10, 12, 21 અને 26ના રોજ થયેલા વ્યાખ્યાનોની વિગતો નીચે મુજબ છે.

1) પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા વક્તા : શ્રી રવજી રોકડ વિષય : ‘સૌરાષ્ટ્રની દેહાણ્ય જગ્યાઓ’
2) હરિનારાયણ આચાર્ય વ્યાખ્યાનમાળા વક્તા : શ્રી હસમુખ અબોટી ‘ચંદન’ વિષય : ગુજરાતનો સાગર સંબંધ

3) સુધાબહેન દેસાઈ (નાટક/ભવાઈ) વ્યાખ્યાનમાળા વક્તા : શ્રી મનોજ શાહ વિષય : જૂની રંગભૂમિ અને માસ્ટર ફૂલમણિ
4) તારાબહેન મંગળજી મહેતા વ્યાખ્યાનમાળા વક્તા : શ્રી માધવ રામાનુજ વિષય : કવિતાની સર્જન પ્રક્રિયા
5) કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા વક્તા : શ્રી નિયતિ અંતાણી વિષય : અનુસ્વારના નિયમો

પ્રસ્તુત કાર્યક્રમમાં પરિષદના સહયોગમાં જે સંસ્થાઓ અને સંસ્થાઓના અધ્યાપકશ્રીઓ તથા આયોજકો રહ્યા છે તે સૌ પ્રત્યે પરિષદ આભારની લાગણી વ્યક્ત કરે છે. વ્યાખ્યાન આપનારા વક્તાઓના સહકારનો પણ આનંદ છે.

પ્રતિમાસ વિકાસમંત્રી દ્વારા ઑનલાઈન યોજાતા 'વાર્તા રે વાર્તા કાર્યક્રમ' અંતર્ગત 8 ઑગસ્ટે વાર્તાકાર શ્રી કંદર્પ દેસાઈ અને શ્રી પ્રફુલ્લ દેસાઈની વાર્તાઓનું પઠન ક્રમશઃ શ્રી યામિની વ્યાસ અને શ્રી નરેશ કાપડિયાએ કર્યું. બન્ને સર્જકોએ પોતાની કેફિયત રજૂ કરી. બન્ને વાર્તાકારો અને પઠન કરનાર મિત્રો પ્રત્યે આભારની લાગણી અનુભવીએ છીએ.

પરિષદ અંતર્ગત ચાલતા ચી. મં. ગ્રંથાલયમાં 12 ઑગસ્ટના રોજ 'રાષ્ટ્રીય પુસ્તકાલય દિન'ની ઉજવણી થઈ. જેમાં શ્રી વૈશાલી ધોળકિયા અને શ્રી ઊર્મિલા ઠાકરના મનનીય વક્તવ્યોનો લાભ સૌ મિત્રોને મળ્યો.

બન્ને વક્તાઓનો પરિષદ આભાર માને છે.

પરિષદ સાથે આપણે સૌ સતત સંસર્ગમાં રહીએ અને સાહિત્યનો આનંદ પરસ્પરને આપતા રહીએ. શુભકામનાઓ.

ગુજરાતી સાહિત્ય પરિષદનું નવું ઈ-મેઈલ આઈડી
gspamd123@gmail.com

**'પરબ' માટે ઈ-મેઇલ આઈડી**

'પરબ' માટે કૃતિઓ ઈ-મેઈલ દ્વારા મોકલી શકાશે. 'પરબ'નું ઈ-મેઇલ આઈડી :

parabgsp@gmail.com
વૉટ્સએપ નંબર : 9773222425, 9537671073